log in facebook | kamalamdailygandhinagar

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Thursday
17.09.2020
*Volume :5 * Issue No. 32
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-





## આર્મી એર ડિફેન્સ દ્વારા વડોદરા ખાતે ૮૧મા કોર્પ્સ દિવસની ઉજવણી કરવામાં આવી



કમલમ દૈનિક, વડોદરા

વડોદરા ખાતે એર ડિફેન્સ બ્રિગેડ દ્વારા ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કોર્પ્સ ઓફ આર્મી એર ડિફેન્સના ૮૧મા કોર્પ્સ દિવસની ઉજવણી સંપૂર્ણ જુસ્સા અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન કોવિડ-૧૯ મહામારીને અનુલક્ષીને જાહેર કરવામાં આવેલા તમામ સાવચેતીના પગલાં અને દિશાનિર્દેશોનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પ્સ ઓફ આર્મી એર ડિફેન્સના તમામ સેવાનિવૃત્ત સૈનિકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. વિવિધ રમતો ઉપરાંત ઓવરઓલ ચેમ્પિયનશીપ બેનર અને પ્રોફેશનલ ટ્રોફી પણ વિવિધ યુનિટને ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કોર્પ્સ ડેની ઉજવણી સાથે સંપન્ન થયેલા અગાઉના તાલીમ વર્ષમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સિદ્ધિઓ હાંસલ કરવા બદલ એનાયત કરવામાં આવી હતી. કોર્પ્સ ઓફ આર્મી એર ડિફેન્સની પ્રથમ વખત શરૂઆત ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૦ના રોજ મુંબઈમાં કોલાબા ખાતે નંબર ૧ એન્ટી એરક્રાફ્ટ ટેકનિકલ તાલીમ બેટરી તરીકે કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૯૪૦-૪૫ના સમયગાળામાં એન્ટી એરક્રાફ્ટ રેજિમેન્ટ્સ અને એન્ટી એરક્રાફ્ટ તાલીમ કેન્દ્રોનો ઉદય થયો હતો. એન્ટી એરક્રાફ્ટ યુનિટ્સે બ્રિટિશ ભારતીય આર્મીમાં ખૂબ મહત્વની ભૂમિકા નિભાવી હતી અને ભારત તેમજ દુનિયાના અન્ય ભાગોના સહયોગી દળોના સંરક્ષણમાં ખૂબ ચાવીરૂપ ભૂમિકા નિભાવી હતી. ભારતીય એન્ટી એરક્રાફ્ટ ગનર્સના બલિદાનના કારણે જ બ્રિટનને જાપાન સામે સજામુક્તિ સાથે યુદ્ધમાં વિજય મેળવવામાં મદદ મળી શકી હતી.

## INS વાલસુરા ખાતે હિન્દી પખવાડિયુ ઉજવણી - ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું





કમલમ દૈનિક, જામનગર

જામનગરમાં INS વાલસુરા ખાતે ભારે ઉત્સાહ સાથે ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન હિન્દી પખવાડિયુ ઉજવણી - ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન આ યુનિટ દ્વારા, વિવિધ રસપ્રદ અને માહિતીપ્રદ સ્પર્ધાઓ જેમકે, હિન્દી પોસ્ટર બનાવવા, હિન્દી નિબંધ લેખન, હિન્દી શ્રુતલેખન, હિન્દી અભિવ્યક્તિ અને હિન્દી ચર્ચાસ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી લાઈઝન ઓફિસરના આવકાર સંબોધન સાથે આ હિન્દી પખવાડિયાની ઉજવણીનો સમાપન કાર્યક્રમ શરૂ થયો હતો. આ પખવાડિયા દરમિયાન યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું કમાન્ડિંગ ઓફિસર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં, આંતર વિભાગીય સત્તાવાર ભાષા ટ્રોફી પુરસ્કાર દર વર્ષે શ્રેષ્ઠ સત્તાવાર ભાષા અનુપાલન માટે એનાયત કરવામાં આવે છે જે આ વર્ષે અહીંના 'મેડિકલ વિભાગ'ને એનાયત કરવામાં આવ્યો હતો. કમાન્ડિંગ ઓફિસરે આ યુનિટની ઈન્ટ્રાનેટ દ્વિભાષીય વેબસાઈટનો પ્રારંભ કર્યો હતો અને યુનિટના વાર્ષિક હિન્દી સામયિક 'વલતરંગ'નું વિમોચન કર્યું હતું. સમાપન કાર્યક્રમ દરમિયાન, આ યુનિટના તાલીમાર્થીઓએ હિન્દી કવિતાઓ અને પ્રસંગકથાઓનું વાંચન કર્યું હતું અને ટૂંકું નાટક પણ ભજવ્યું હતું. કમાન્ડિંગ ઓફિસરે તેમના સંબોધન દરમિયાન, સત્તાવાર ભાષા યુનિટના પ્રયાસોને બિરદાવ્યા હતા અને યુનિટના તમામ લોકોને તેમના દૈનિક કામકાજોમાં હિન્દી ભાષાનો ઉપયોગ વધારવા માટે અનુરોધ કર્યો હતો.

## રાજકોટ શહેર ભાજપ દ્વારા સેવા સપ્તાહ અંતર્ગત શહેરભરમાં માસ્ક વિતરણ, ચશ્મા વિતરણ



કમલમ દૈનિક,

તા. ૧૭ સપ્ટેમ્બર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ દ્વારા ' સેવા સપ્તાહ અંતર્ગત શહેરભરમાં માસ્ક વિતરણ , ચશ્મા વિતરણ કરાયું ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી , વસુધૈવ કુટુંબકમના ભાવથી હંમેશા જન - જન ની પડખે ઉભો રહી સેવાકાર્ય કરતો આવ્યો છે : કમલેશ મિરાણી , અરવીદ રૈયાણી આગામી તા .૧૭ સપ્ટેમ્બરે દેશના લોકલાડીલા વડાપ્રધાન અને આત્મનિર્ભર ભારતના સ્વપ્રદ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ દ્વારા તા .૧૪ ૯ થી તા .૧૯૯ દરમ્યાન શહેરના તમામ વોર્ડમાં સેવાકીય કાર્યો ના માધ્યમથી "સેવા સાપ્તાહ ' ની ઉજવણી કરવામાં આવી રહી છે . તે અંતર્ગત શહેરના વોર્ડ નં .૧ માં શીવમ પાર્ક , રામેશ્વર પાર્કમાં તેમજ વોર્ડ નં . ૨ માં અવંતીકા પાર્ક પાછળ ૨૫ મીટર ટીપી ગાર્ડન પ્લોટ , બજરંગવાડી , શીતલ પાર્ક વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ , વોર્ડ નં .૩ માં પરસાણાનગર મેઈન રોડ , દેવકુવરબા સ્કુલ સામે , બેડીનાકા , ચંદ્રશેખર ટાઉનશીપ , મોરબી હાઉસ ખાતે સફાઈ ઝુંબેશ યોજવામાં આવેલ તેમજ વોર્ડ નં . ૪ માં ભગવતીપરા મેઈન રોડ , કૈલાશ પાર્ક , રાધા મીરા મેઈન રોડ ખાતે વૃક્ષારોપણ તેમજ વોર્ડ નં.૫ માં પેડક રોડ , હોકર્સ ઝોન ગ્રીન લેન્ડ ચોકડી , હુડકો કવાટર , ભરવાડ સમાજની વાડી ખાતે સફાઈ ઝુંબેશ તેમજ કુવાડવા રોડ , શીવનગર ,મણીનગર , ગ્રીનલેન્ડ ચોકડી ખાતે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયેલ , તેમજ વોર્ડ નં . ૭ માં લોહા નગર , ભવાની નગર , આલાબાઈ નો ભઠ્ઠા ખાતે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયેલ , તેમજ વોર્ડ નં . ૮ માં વૈશાલી ટ્રેક પાસે , ગુ.હા.બોર્ડ ટ્રેક પાસે , ત્રીશુલ ચોક , આનંદી આશ્રમ સામે સફાઈ ઝુંબેશ યોજાયેલ , તેમજ વોર્ડ નં . ૯ ખાતે નુરાનીપરા શીવપરા ખાતે માસ્ક વિતરણ યોજાયેલ , વોર્ડ નં . ૧૧ માં મવડી ગામ , વણકરવાસ , માયાણી આવાસ , વિશ્વનગર આવાસ ખાતે માસ્ક વિતરણ , વોર્ડ નં .૧૩ માં લોહાનગર ઝુપડપટ્ટી , રેલ્વે પાટા પાસે માસ્ક વિતરણ અને વોર્ડ નં .૧૬ માં સુતા હનુમાન મંદીર , સુર્યોદય સોસાયટી ખાતે ચશ્મા વિતરણ સહીતના સેવાકીય કાર્યો કરવામાં આવેલ હતા.આમ ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી , વસુધૈવ કુટુંબકમના ભાવથી હંમેશા કોઈને કોઈ અવસરે જન - જન ની પડખે ઉભો રહી સેવાકાર્ય કરતો આવ્યો છે . આ તકે કમલેશ મિરાણી , જનકભાઈ કોટક , અરવીદ રૈયાણી , દેવાંગ માંકડ , કિશોર રાઠોડ , અથ્વીન મોલીયા , રાજુભાઈ બોરીચા , ભાનુબેન બાબરીયા સહીતના ઉપસ્થિત રહયા હતા તેમજ વોર્ડ નં .૧ માંથી દેવાંગ માંકડ , હિતેશ મારૂ , કાનાભાઈ ખાણધર , જયરાજસિંહ જાડેજા , આશીષ વાગડીયા , દુર્ગાબા જાડેજા , અંજનાબેન મોરજરીયા , રામદેવભાઈ આહીર , જયદીપસિંહ જાડેજા , વોર્ડ નં .૨ માં થી નરેન્દ્રસિંહ ઠાકુર , અતુલ પંડીત , દશરથ વાળા , ભાવેશ ટોયટા , મનીષ રાડીયા , ડો . દર્શીતાબેન શાહ , પૃથ્વીસિહ વાળા , વોર્ડ નં .૩ માંથી હેમભાઈ પરમાર , હીતેશ રાવલ , રાજુભાઈ દરીયાનાણી , વોર્ડ નં .૪ માં થી સી.ટી. પટેલ , કાનાભાઈ ઉધરેજા , દીનેશ ચૌહાણ , પરેશ પીપળીયા , સોનલબેન ચોવટીયા , કંકુબેન ઉધરેજા , રાજશ્રીબેન માલવીયા , ચંદુભાઈ ભંડેરી , વોર્ડ નં . ૫ માં થી રમેશ અકબરી , દીલીપ લુણાગરીયા , મુકેશ ધનસોતા , દીનેશ ડાંગર , પ્રીતીબેન પનારા , રસીલાબેન સાકરીયા , વોર્ડ નં . ૭ માં થી સુરેન્દ્રસિંહ વાળા , રમેશભાઈ દોમડીયા , અનીલ લીબડ , અનીલભાઈ પારેખ , મીનાબેન પારેખ , મનીષ ભટ્ટ , પુનીતાબેન પારેખ , રાજુભાઈ મુંધવા , રમેશભાઈ પંડયા , વોર્ડ નં .૮ માં થી નિતીન ભુત , અથ્વીન પાંભર , કાથડભાઈ ડાંગર , તેજશ જોષી , રઘુભાઈ ધોળકીયા , મહેશ રાઠોડ , રાજુભાઈ અઘેરા , જાગૃતીબેન ઘાડીયા , કિરણબેન માંકડીયા , વોર્ડ નં . ૯ માં થી વિક્રમ પુજારા , પ્રદીપ નીર્મળ , વીરેન્દ્ર ભટ્ટ , હીરેન સાપરીયા , પુષ્કર પટેલ , રૂપાબેન શીલુ , જીતુભાઈ કાટોળીયા , રણછોડભાઈ સાટીયા , મેઘરાજસિહ ઝાલા , વોર્ડ નં .૧૧ માં થી સંજય પીપળીયા , સંજય બોરીચા , હરસુખ માંકડીયા , પ્રવીણ પાઘડાર , વોર્ડ નં .૧૬ માં થી જણાભાઈ ચાવડા , જીતુભાઈ સીસોદીયા , કંચનબેન સિધ્ધપુરા , બાબુભાઈ હરસોડા સહીતના ઉપસ્થિત રહયા હતા . જેમાં સફાઈ ઝુંબેશ કાર્યક્રમમાં સેન્ટ્રલ ઝોનમાંથી ૨૮ ટન , વેસ્ટ ઝોનમાંથી ૧૨ ટન અને ઈસ્ટ ઝોનમાંથી ૬૦ ટન કચરો એકત્રીત કર્યો હતો . ત્યારે આવતીકાલે તા .૧૬ / ૯ ના તમામ વોર્ડ માં વૃક્ષારોપણ , સફાઈ ઝુંબેશ , માસ્ક વિતરણ , ચશ્મા વિતરણ સહીતના સેવાકાર્યોની સાથોસાથ યુવા મોરચા દ્વારા વિધાનસભાવાઈઝ રકતદાન કેમ્પ તેમજ લઘુમતી મોરચા દ્વારા સીવીલ હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ સહીતના કાર્યક્રમ યોજવામાં આવશે.ઉપરોકત કાર્યક્રમની કાર્યાલય ખાતેથી સાહીત્યની વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી સંભાળી રહયા છે .

## તંત્રી સ્થાનેથી......

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોનાવાયરસ ના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગપ્રતિકારક શક્તિ માં વધારો થાય અનેતેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર શ્રીઆર.બીબારડ અને જિલ્લાવિકાસઅધિકારી શ્રીનેહાકુમારી ના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારી નીરાહબરી હેઠળ આયુષમંત્રાલય ના દિશાનિર્દેશ અનુસાર આરોગ્યન કર્મીઓ જિલ્લોના તમામ નાગરિકોના આરોગ્યબની સારસંભાળ રાખવાની સાથે અનેકવિધ ક્ષેત્રે કામ કરી રહ્યા છે. જિલ્લાછના આરોગ્યર વિભાગે એક નવતર અભિગમ અપનાવીને જિલ્લોના સંતરામપુર તાલુકાના મોટા ઓરા ગામે જિલ્લાછ કલેકટર શ્રી આર. બી. બારડ અને જિલ્લાઠ વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ ગામના સરપંચ શ્રી જવરાભાઇના અધ્યટક્ષસ્થાભને કોરાનાની ગાઇડલાઇનને અનુસરીને ગામના આગેવાનો તથા ગ્રામજનો સાથે એક નવતર અભિગમના ભાગરૂપે આરોગ્યઆ શિક્ષણ-સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ આરોગ્યગ શિક્ષણ-સંવાદ કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય્ અધિકારી ડૉ. એન. એસ. ગોસાઇ, પ્રાથમિક આરોગ્યં કેન્દ્રત રામભેમના મુવાડાના મેડીકલ ઓૉફિસર ડૉ. ઋત્વિલક પટેલની ઉપસ્થિકતિમાં આરોગ્યં કર્મચારી, આઇસીડીએસ આંગણવાડી કાર્યકરો તથા ગામના આગેવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરવામાં આવ્યોપ હતો. આ આરોગ્ય શિક્ષણ-સંવાદ કાર્યક્રમમાં આરોગ્યં વિભાગની વિવિધ યોજનાઓ જેવી કે, ગર્ભવતી માતાઓ માટેની જનની સુરક્ષા યોજના, કસ્તુ રબા પોષણ સહાય યોજના, સંસ્થાજકીય સુવાવડના લાભ, માતા મરણ અને બાળ મરણ તથા અન્ય રોગો સામે લડત અને રક્ષણ આપતી વિવિધ રસીકરણની સચોટ જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત દુર્ગમ વિસ્તોરની ગર્ભવતી માતાઓ માટે સરકારશ્રી દ્વારા આપવામાં આવતી ૧૦૮ તથા ખિલખિલાટ એમ્બ્યુ લન્સમની સુવિધા તથા ઇન્જોકશન આયર્ન સુક્રોઝ અંગેની પણ સમજ આપવામાં આવી હતી. હાલની કોરોનાની મહામારી દરમિયાન કોરોનાનું સંક્રમણ ન ફેલાય અને નાગરિકો સુરક્ષિત રહે તે માટે કોરોના વાયરસ સામે કેવી રીતે લડત આપી બચી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવાની સાથે કોરોનાનાસંક્રમણનેફેલાતોઅટકાવવામાટેતમામનેસોશિયલડિસ્ટરન્સીં ગ, માસ્કફની ઉપયોગીતાઅનેસેનેટાઇઝરનાઉપયોગવિશેતેમજમાસ્કસ પહેર્યા વગર ઘરનીબહારન નીકળવા અને સોશિયલ ડિસ્ટકન્સીંગ નુંપાલન કરવા સમજાવવા માં આવ્યા હતા.

# ભાટ સીમરોલી પ્રાથમિક શાળાના શિક્ષકનો ગણિત- વિજ્ઞાન માં બાળકોને રસ પડે એ માટે નવતર અભિગમ - વિજ્ઞાન પાત્ર પ્રોજેક્ટ હેઠળ વિધાર્થીઓ જિજ્ઞાસા અને આત્મવિશ્વાસ સાથે અઘરા વિષયો ભણી રહયા છે



કમલમ દૈનિક, જૂનાગઢ,

કેશોદ તાલુકાની ભાટ સીમરોલી પ્રાથમિક શાળાના બાળકો ગણિત-વિજ્ઞાન વિષયનો ખૂબ રસપૂર્વક અભ્યાસ કરી રહ્યા છે. સામાન્ય રીતે બાળકોનું ગણિત-વિજ્ઞાનનું પરિણામ નબળું આવતું હોય છે.ભાટ સીમરોલી પ્રાથમિક શાળાના શિક્ષકે આ માટે શિક્ષક તેજસ મહેતા ૨૦૧૯ થી ભાટ સિમરોલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવી રહ્યા છે. તેમણે બાળકોમાં ગણિત-વિજ્ઞાનના અભ્યાસ પ્રત્યે રસ લે,આત્મવિશ્વાસ જાગે તેમજ જીજ્ઞાસાવૃતી થી આ વિષય ભણે એ માટે વિજ્ઞાનપાત્ર પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. વિજ્ઞાનપાત્ર પ્રોજેક્ટ હેઠળ બાળકો વેસ્ટ વસ્તુમાંથી પ્રયોગ બનાવે,તેમજ શાળામાં દિન વિશેષ ઉજવણીની શરૂઆત કરવામાં આવી. તેમજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે દરેક બાળકોએ શાળા કક્ષાના વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં ભાગ લેવો વિશેષમાં કવીઝ,ચિત્ર,ડિબેટ જેવી પ્રવૃતીઓ પણ ઉમેરવામાં આવી છે. જયારે ગણિત વિષય માટે તેમણે ગણિત મોડેલ,ગણિત ગમ્મત પ્રવૃતિ,વ્યવહારમાં ગણિત વગેરે શીખવે છે. શાળામાં પાણીની ટાંકીનું ઘનફળ જાતે મેળવવું,બાળકો મેદાનનું ક્ષેત્રફળ મેળવે.તેજસભાઈ એ જણાવ્યુ હતું કે, હવે અમારી શાળાના વિધાર્થીઓ બાળવિજ્ઞાન,મહાસભા,સાયન્સ ડ્રામા,રૂલર આઈટી ક્વીઝ વગેરેમાં જિલ્લા કક્ષા સુધી ભાગ લેતા થયા છે. તેજસભાઈ એ જણાવ્યું હતું કે, મારી આ શિક્ષણ ની પ્રવૃતીઓ થી અન્ય શાળાના બાળકો પણ માહિતગાર થાય એ માટે વંદે ગુજરાત ચેનલ પર વિજ્ઞાન અને ટેકનોલોજી ના લેશન,બાયસેગ સ્ટુડિયો દ્વારા રાજ્યના ૧૮૦૦૦ ગામડાઓ સુધી વિજ્ઞાન શિક્ષણ આવ્યું છે. વધુમાં હાલ કોરોના મહામારી દરમ્યાન પણ બાળકો શિક્ષણ થી વંચિત ન રહી જાય એ માટે તેમણે ઑન લાઈન બ્લોગ દ્વારા શિક્ષણ,વોટ્સએપ વિડિયો કોલીંગ દ્વારા હોમવર્ક, જેમની પાસે સ્માર્ટ ફોન નથી તેમાંતે હાર્ડકોપી પૂરી પાડેલ છે. તેજસભાઈને રામન સાયન્સ ફાઉડેશન દ્વારા રાજ્યના શ્રેષ્ઠ વિજ્ઞાન શિક્ષકનો એવોર્ડ,શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા ગુરુ ગૌરવ એવોર્ડ મળ્યા છે. તેમજ ૨૦૨૦ નો તાલુકા કક્ષાનો સર્વશ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ એનાયત થયો છે.

# નવસારી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સલામતી માસની ઉજવણી કરવામાં આવી



કમલમ દૈનિક, નવસારી

મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નવસારી તથા મદદનીશ શ્રમ આયુકતની કચેરી, નવસારીના સંયુકત પ્રયાસથી નવસારી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતો ઘટાડવાના હેતુસર સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે.સલામતી માસની ઉજવણીના ભાગરૂપે તા.૦૭/૦૯/૨૦૨૦ થી તા.૧૧/૦૯/૨૦૨૦ સુધીમાં નવસારી જિલ્લાના ચીખલી ખાતે આવેલી વીડસન કેમીકલ પ્રા.લી. તથા કબિલપોર ખાતે હિલ્ટી મેન્યુફેચરીંગ ઈન્ડિયા પ્રા.લી. (યુનિટ-૧), દિનેશ પ્લાસ્ટીક પ્રોડકટસ તથા બીલીમોરા ખાતે શ્રી દત્ત એકવાકલ્ચર ફાર્મર્સ પ્રા.લી.તથા નવસારી ખાતે નવસારી નગરપાલિકા વોટર ફીલ્ટ્રેશન પ્લાન્ટ તથા ખુંધ ખાતે જીવ્યમ પ્લાય બોર્ડ ખાતે મોકડ્રીલો, સલામતી અંગેના જાગૃતિ કાર્યક્રમો અને સલામતિ- નિદર્શનો અંગેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. તેમ નવસારી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના મદદનીશ નિયામકશ્રીએ એક યાદીમાં જણાવાયું છે.

# મોરબીમાં સર્વેલન્સ ટીમ દ્વારા થઇ રહેલ કાબિલેદાદ કામગીરી



કમલમ દૈનિક, મોરબી

મોરબી જિલ્લામાં કોરોના અંગેના સર્વે માટે સ્થાનિક કક્ષાએ સર્વેલન્સ ટીમો બનાવીને શહેરી તેમજ સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીમાં સરકારના વિવિધ વિભાગોના કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી છે. આ ટીમો દ્વારા ઘર-ઘર જઈને ટેમ્પરેચર ચેક કરવાનું તેમજ પરિવારમાં કોઈને શરદી, ખાંસી, ઉધરસ કે તાવ જેવી તકલીફ હોય તો તેમને ધન્વતરી રથના માધ્યમથી જરૂરી સારવાર તેમજ જો કોઈને કોરોનાના લક્ષણ દેખાય તેવા વ્યક્તિઓના કોરોના ટેસ્ટ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. સર્વેની કામગીરી દરમિયાન પરિવાર સભ્યોના નામ તેમજ સ્વાસ્થ્ય અંગેની પૂછપરછ કરવામાં આવે છે. ઉપરોક્ત તસવીરમાં સર્વેલન્સ ટીમના સભ્યો દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલ સર્વેની કામગીરી દ્રશ્યમાન થાય છે.

# વલસાડ જિલ્લામાં પોષણ માહ ઉજવણી અંતર્ગત વાનગી હરિફાઇ યોજાઇ



કમલમ દાનક, વલસાડ

વલસાડ જિલ્લામાં રાષ્?ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત બાળકના પ્રથમ એક હજાર દિવસ, એનિમિયા, ઝાડા નિયંત્રણ, હેન્?ડ વોશ અને સેનિટેશન તથા પૌષ્?ટિક આહાર જેવા પાંચ મુખ્?ય ઘટકો ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્?યો છે. જે અન્?વયે આઇ.સી.ડી.એસ. વિભાગના ઉપક્રમે ગામેગામ પોષણ બાબતે જાગૃતિ ફેલાવવાના હેતુસર આંગણવાડી કેન્?દ્રો ખાતે વાનગી હરિફાઈનું આયોજન કરવામાં આવ્?યુ હતું. આ ઉપરાંત પોષણ જાગૃતિ બાબતના તોરણો બનાવવા સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ થકી પોષણ અંગેનો સંદેશ ઘરે-ઘરે પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

# પોરબંદર આયુર્વેદ હોસ્પિટલ અને આયુર્વેદ/હોમીયોપેથી દવાખાના દ્વારા ૩.૯૬ લાખથી વધુ ઉકાળાનું વિતરણ કરાયુ



કમલમ દૈનિક, પોરબંદર

સરકારી આયુર્વેદ હોસ્પિટલ પોરબંદર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી જિલ્લા પંચાયત હસ્તકના આયુર્વેદ/હોમિયોપેથી દવાખાના દ્વારા શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોનાં અમૃતપેય ઉકાળા, હોમિયોપેથી દવા તથા સંશમની વટીનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

અત્યાર સુધીમાં અંદાજે ૩.૯૬ લાખથી વધુ અમૃતપેય ઉકાળા, ૨.૭૭ લાખથી વધુ હોમિયોપેથી દવા તથા ૧૨ હજારથી વધુ સંશમની વટીનું ઘરે ઘરે જઇને લાભાર્થીઓને વિતરણ કરાયુ છે. કોરોના મહામારીનાં સમયે લોકોની રોગપ્રતિકારક શકિત જળવાઇ રહે તે માટે હોસ્પિટલ સ્ટાફ દ્વારા સેવાનું આ અવિરત કાર્ય ધમધમી રહ્યુ છે. સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મયોગીઓ તથા ક્વોરન્ટાઇન વિસ્તારોમાં પણ ઘરે ઘરે જઇને લોકોને વિનામૂલ્યે આયુર્વેદિક ઉકાળા વિતરણ કરવામાં આવી રહ્યા છે.

# જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને સ્વસહાય જુથનો બેંક લોન વિતરણ કાર્યક્રમ યોજાયો

### મહેસાણા જિલ્લાની ૩૨૦ સ્વસહાય જુથોને રૂ ૪૮૫ લાખની લોન મંજુર કરાઇ



કમલમ દૈનિક, મહેસાણા

મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીના અધ્યક્ષ સ્થાને સ્વસહાય જુથોને બેંક લોન વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.ગ્રામીણ ગરીબ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના હેતથી રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજનાનું અમલીકરણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહેસાણા દ્વારા થઇ રહ્યું છે. જિલ્લામાં વિશ્વ જ્યારે કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે ત્યારે દેશમાં ગ્રામીણ ગરીબ મહિલાઓને સ્વનિર્ભર બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન અને પ્રેરણાથી ૧૩ દિવસમાં ૫૫૦ જેટલી અરજીઓ બેંકમાં મોકલવામાં આવી હતી.જિલ્લાની વિવિધ બેંકોના સહયોગથી જિલ્લાના ૩૨૦ જુથોને રૂ ૪૮૫ લાખની લોન મંજુર કરવામાં આવી છે. મહેસાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે જિલ્લા વિકાસ અધિકારી અને બેંકના અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્વસહાય જુથોની બહેનોને ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.આ ઉપરાંત સ્વસહાય જુથની ૦૮ બહેનોએ જુદી જુદી બેંકોમાં બી.સી તરીકે નિમણુંક આપી કાયમી આજીવિકા પુરી પાડેલ છે.

**કોવિડ વિજય રથ દ્વારા પાટણ જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ચાલી રહ્યું છે જાગૃતતા અભિયાન**

# પ્રદર્શન તેમજ કલાના માધ્યમથી અપાઇ રહ્યો છે જાગૃતતા સંદેશ સાથે જ અપાઈ રહી છે યોજનાઓ વિશે જાણકારી



# માસ્ક, આયુર્વેદિક અને હોમિયોપેથીક ઔષધીઓનું વિનામૂલ્યે કરવામાં આવી રહ્યું છે વિતરણ

કમલમ દૈનિક, પાટણ

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના રિજનલ આઉટરીચ બ્યુરો દ્વારા ૭ સપ્ટેમ્બરથી રાજ્યભરમાં શરૂ થયેલ કોવિડ-૧૯ જાગૃતતા અભિયાન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. કોરોના જાગૃતિનો સંદેશ, સરકાર દ્વારા લોકો માટે કરવામાં આવેલી વિવિધ પહેલની માહિતી અને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને યોગ્ય પોષણની જાણકારી ગુજરાતના દરેક નાગરિક સુધી પહોંચાડવા રાજ્યમાં વર્તમાનમાં ૫ કોવિડ વિજય રથ ભ્રમણ કરી રહ્યા છે. રથ પર સવાર કલાકારો કોવિડ માર્ગદર્શિકાના યોગ્ય પાલન સાથે તેમજ સામાજિક અંતર જાળવી પોતાની વિવિધ કલા જેવી કે ભવાઈ, ડાયરો, નાટક વગેરે દ્વારા સ્થાનિકો સુધી આ તમામ માહિતી પહોંચાડી રહ્યા છે. આ ૫ રથ દૂર સુદૂરના ગામોમાં ફરી રહ્યા છે. આ અભિયાન બનાસકાંઠા જિલ્લામાં પણ સુપેરે ચાલી રહ્યું હતું. બનાસકાંઠાના પાલનપુર,ડીસા,વડગામ,શિહોરી,થરા શહેર બાદ દિયોદર,કાંકરેજ તાલુકા અને તેના ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતતા સાથે વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ કોવિડ વિજયરથનો પ્રવેશ પાટણ જિલ્લા ના રાધનપુર તાલુકામાં થયો છે. આજ રોજ રાધનપુર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો મા કોરોના મહામારી તેમજ સરકારશ્રીની આત્મનિર્ભર ભારત , ગરીબ કલ્યાણ યોજના , નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જેવી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવશે, રાધનપુર તાલુકા પંચાયતથી તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા અગ્રણી મહાનુભાવોની હાજરીમાં લીલીઝંડી આપી વિજય રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. રાધનપુર શહેરના વિસ્તારો જેવાકે નગરપાલિકા, એ.પી.એમ.સી,રેફરલ હોસ્પિટલ, બસસ્ટેન્ડ વગેરે જગ્યાએ હોમિયોપેથીક દવા તેમજ માસ્ક વિતરણ સાથે જનજાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. કોવિડ વિજય રથ ની સફળયાત્રાના સકારાત્મક પ્રતિભાવો પણ લોકોએ આપ્યા હતા. રથ સાથે રહેલા કલાકારો લોકો સમજી શકે તેવી સરળ અને હળવી શૈલીમાં કલાના માધ્યમથી વિવિધ સંદેશ ફેલાવી રહ્યાં છે. કોરોના વાયરસના સંક્રમણથી બચવાના ઉપાયો જણાવવાની સાથે રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલએ પ્રમાણિત કરેલ આયુર્વેદિક તેમજ હોમિયોપેથી દવાનુ પણ વિનામૂલ્યે વિતરણ કરી રહ્યા છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી આ દવાઓ અભિયાન દરમિયાન લોકોમાં વિનામૂલ્યે પૂરી પાડવા સહયોગ આપવામાં આવ્યો છે. પ્રતિદિન ૬૦ કિલોમીટરના વિસ્તારમાં આ રથ ફરી રહ્યો છે અને કોવિડ-૧૯ જાગરૂકતા અભિયાન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે.




# પોસ્ટ બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂ ૫૦૦ જાળવી રાખવી આવશ્યક




કમલમ દૈનિક,

ભારતીય ટપાલ વિભાગના ગાંધીનગર ડિવિઝનના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસિસની યાદીમાં જણાવ્યાનુસાર પોસ્ટ બચત ખાતા ધારકે પોતાના બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂપિયા ૫૦૦ જાળવી રાખવી પડશે. જો બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂપિયા ૫૦૦ જાળવી રાખવામાં નહીં આવે તો વાર્ષિક રૂપિયા ૧૧૮ (રૂપિયા ૧૦૦ સર્વિસ ચાર્જ રૂપિયા ૧૮ જીએસટી) મેઈન્ટેનન્સ ચાર્જ તરીકે ખાતાધારકના ખાતા માંથી ઓટો ડેબિટની સુવિધા મારફતે વસૂલવામાં આવશે અને ત્યારબાદ ખાતામાં જ્યારે શૂન્ય બેલેન્સ થશે ત્યારે બચત ખાતું આપોઆપ બંધ થઈ જશે. પોસ્ટ બચત ખાતા ધારકોને બચત ખાતા સંબંધિત લેવડદેવડના વ્યવહાર અંગે કોઈ અગવડ અથવા સમસ્યા ન ઉદભવે તે હેતુથી બચત ખાતામાં ઓછામાં ઓછું રૂપિયા ૫૦૦ બેલેન્સ રાખવું આવશ્યક છે જેની તમામ બચત ખાતા ધારકોને નોંધ લેવા યાદીમાં વધુમાં જણાવાયું છે.

